# Sandesh

## Skipper Limited announces its arrival in Gujarat with its new manufacturing facil

**Date: 15/04/2015 | Edition: Ahmedabad | Page: 4 | Source: Bureau | Clip size (cm): W: 9 H: 10**




### સ્કિપર લિ.એ પીવીસી પાઈપ્સના નવા ઉત્પાદન એકમ સાથે ગુજરાતમાં આગમનની જાહેરાત કરી

અમદાવાદઃ ભારતમાં ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન (ટીએન્ડડી) ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૉટર ટ્રાન્સમિશન સેક્ટર્સમાં ટોચની ત્રણ કંપનીઓની એક સ્કિપર લિ. (બીએસઈઃ ૫૩૮૫૬૨)એ ગુજરાતમાં નવા પીવીસી પાઈપના ઉત્પાદન એકમ સાથે રાજ્યમાં તેના આગમનની જાહેરાત કરી છે. પૂર્વીય ભારતની બહાર વિસ્તરણ કરતાં સ્કિપર લિમિટેડનો નવો સેટેલાઈટ પ્લાન્ટ આંતરરાષ્ટ્રીય ધારાધોરણની પીવીસી પાઈપ્સની શ્રેષ્ઠ બ્રાન્ડ મારફત ગ્રાહકની નિકટતાની જરૂરિયાત પૂરી કરશે. કેટલીક સામાજિક જવાબદારીની પહેલો હાથ ધરનાર સ્કિપર સેન્ટર ઑફ એક્સલન્સનો કાર્યક્રમ સ્કિપર સાથી પણ વિકસાવશે. આ સેન્ટર ખેડૂતો અને પ્લમ્બિંગ કોમ્યુનિટીને મફત તાલીમ આપશે. કંપનીએ આ પહેલ હેઠળ ગુજરાતમાં ૨,૦૦૦ અર્ધકુશળ અથવા અકુશળ પ્લમ્બર્સ અને ૧૦,૦૦૦ ખેડૂતોને તાલીમ આપી છે. કંપનીના પીવીસી કારોબારમાં ૧૦૦ ટકાની અસાધારણ વૃદ્ધિ અનુભવાઈ છે અને પૂર્વીય કંપની ૮ ટકા જેટલો નોંધપાત્ર બજાર હિસ્સો ધરાવે છે. સ્કિપર લિ.ના ડિરેક્ટર દેવેશ બંસલે જણાવ્યું હતું કે ભારતીય પીવીસી પાઈપ્સ અને ફિટિંગ્સ બજાર નાણાકીય વર્ષ ૨૦૧૯ સુધીમાં રૂ.૩૯૧ અબજનું થઈ જશે. તેમાં વાર્ષિક ૮-૧૦ ટકાની વૃદ્ધિ જોવા મળે છે.

